सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તા. | ૧૦/૧૦/૨૦૧૭ |
| રજીસ્ટર તા. | ૧૦/૧૦/૨૦૧૭ |
| નિકાલ તા. | ૧૦/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું. પોરબંદર**

**સ્પે.દિ.મુ.નં. ૫૧/૨૦૧૭**
**આંકઃ–૩૨**

**હિતેશ અમૃતલાલ બલભદ્ર,**
**ઉ.વ. આ. ૫૩, રહે. છાંયા, ઠે. સાઢીયાવાડ,**
**અનીલભાઈ વૈધના દવાખાનાની સામેની ગલી,**
**છાંયા, પોરબંદર. .....વાદી**

**વિરુધ્ધઃ–**

**કમલેશભાઈ અમૃતલાલ બલભદ્ર,**
**રહે. પોરબંદર, .....પ્રતિવાદી**

| | |
|---|---|
| બાબત | ઘી ઈન્ડીયન સકશેન એકટ મુજબ વીલનુ પ્રોબેટ મળવા |

**વાદી તરફે વિ.વ.શ્રી એચ.બી. કોટેચા**
**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી. ડી.બી. લાખાણી**

**–ઃઠરાવઃ–**

(૧) વાદીએ અગાઉ પોરબંદરની અદાલતમાં દીવાની પરચુરણ અરજી નં. ૭/૧૭ થી પ્રોબેટ મેળવવા માટે કાર્યવાહી દાખલ કરેલ. જે કામે સામાવાળા તરફે પ્રતિવાદી તરીકે વાંધા રજુ કરેલ હોય દાવાને સ્પેશ્યલ દીવાની મુકદમા નં. ૫૧/૧૭ આપવામાં આવેલ. જે દાવો તા. ૧૮/૦૭/૨૦૧૯ ના રોજ મારા પુરોગામી સાહેબશ્રીએ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરેલ. પરંતુ ત્યારબાદ વાદીએ રીસ્ટોર કરવા હાલની અરજી આપતા તે લગત હુકમ મુજબ હાલનો દાવો રીસ્ટોર કરવામાં આવેલ છે.

(૨) વાદીના દાવાની હકીકત એવી છે કે, વાદીના પિતા ગુજરનાર અમૃતલાલ રવજીભાઈએ તા.૨૪/૧૦/૨૦૧૧ ના રોજ દાવાવાળી મિલકતોનુ વીલ કરેલ જે વીલ સંબંધે વાદીએ વીલનુ પ્રોબેટ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે.

(૩) પ્રતિવાદી તરફે આંક–૪ થી વકીલપત્ર રજૂ કરી આંક–૭ થી દાવાનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેમના પિતાએ કોઈ વીલ કરેલ નથી, પરંતુ વાદી (પ્રતિવાદીના ભાઈએ) ખોટી હકીકતો અદાલત સમક્ષ રજુ કરેલ છે તેમજ વીલ લખનાર તરીકે કોઈ સહી નથી તેમજ આ વીલ સબ–રજીસ્ટાર કચેરીમાં નોંધાયેલ નથી તેમજ કયારે અને કંઈ જગ્યાએ કોના ધ્વારા કરવામાં આવેલ છે તેવી કોઈ હકીકતનો ઉલ્લેખ નથી તેમજ વીલના સાક્ષીઓ તરીકે મનોજભાઈની સહી છે તેઓ ગુજરાતી જાણે છે કે કેમ તે પણ સ્પષ્ટ ન હોય આ પ્રકારે અલગ–અલગ તકરારો લઈ વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે આંક–૦૯ થી મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **1.** | **Whether the plaintiff proves that he is entitled to get probate of will dated 24/10/2011 ?** |
| **2.** | **whether the objector proves that will dated 24/10/2011 is false and forged will?** |
| **3.** | **Whether plaintiff is entitled to get relief as prayed ?** |
| **4.** | **What order and decree ?** |

(૫) ઉપરોક્ત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | " નકારમાં" |
| ૨. | "નકારમાં" |
| ૩. | "નકારમાં" |
| ૪. | " આખરી હુકમ મુજબ" |

(૬) વાદી તરફે આંક–૧૯ થી વાદી હિતેષ અમૃતલાલનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા તેઓએ દાવાની હકીકતો દોહરાવેલ છે. જયારે પ્રતિવાદી તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, મારા પિતાજીએ વીલ કરેલ તે સમયે તેમની ઉંમર ૭૬ વર્ષ હતી. એ વાત ખરી નથી કે વીલ કરેલ તે સમયે તેમની શારીરીક સ્થીતી સારી ન હતી. એ વાત ખરી નથી કે ડો. હરીશભાઈ કોટક ઘરે તપાસણી કરવા આવેલ હતા. એ વાત ખરી છે કે આ વીલ પૈકી એક મિલકત ભાડુતી દુકાન છે. એ વાત ખરી છે કે વીલમાં જણાવેલ રહેણાક મકાન વડીલોપાર્જીત મિલકતમાંથી ખરીદ કરેલ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી મારા ભાઈ થાય છે. તેમજ પ્રતિવાદી ઉપરાંત પણ મારે અન્ય ભાઈ તથા બહેન છે. મારા પિતા મારી સાથે રહેતા હતા. એ વાત ખરી નથી કે પિતા પાસેથી મારી સાથે રહેતા

હોવાથી મે ખોટુ બનાવટી વીલ કરાવેલ છે. એ વાત ખરી નથી કે મારે પ્રતિવાદીને ભાગ આપવો ન પડે તેથી ખોટો દાવો કરી ખોટુ વીલ ઉભુ કરેલ છે. એ વાત ખરી છે કે હાલના વીલ અન્વયે અમોએ સીટી સર્વે કચેરીમાં મિલકત મારા નામે ટ્રાન્સફર કરવા માટે અરજી કરેલ હતી. એ વાત ખરી છે કે તે કામમા સીટી સર્વે સુપ્રિ. ધ્વારા મારી અરજી નામંજુર કરેલ હતી. એ વાત ખરી છે કે તે હુકમ સામે મે કોઈ રેવન્યુ ઓથોરીટીમા અપીલ અરજી કરેલ નથી. એ વાત ખરી નથી કે ખોટો દાવો કરી ખોટી જુબાની આપુ છુ.

(૭) આંક–૨૦ થી વાદી તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે. જેમા અનુક્રમ નં. ૧ થી ૮ ના દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં વીલ તથા વીલના સાક્ષીઓ તરીકે સહી કરનાર ઈસમોના સોગંદનામા ૨૦/૧ થી ૨૦/૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ આંક–૨૫ થી વાદી તરફે ક્લોઝીગ પુરસીસ રજુ થયેલ છે.

(૮) આંક–૨૬ થી પ્રતિવાદી કમલેશભાઈ અમૃતલાલાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જેમા જવાબ હકીકતો જણાવેલ છે. જયારે વાદી તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, અમે ત્રણ ભાઈ તથા એક બહેન છીએ. એ વાત ખરી નથી કે અમે સંયુકત કુટુંબમા રહેતા હતા. વાદી મારા નાના ભાઈ છે. અમે જુદા થયા બાદ મારા પિતાજી વાદી સાથે રહેતા હતા. અમારે જુદા થયા બાદ પણ મારા પિતાજી પાસે આવવા જવાનુ થતુ હતુ. મારા પિતાજી સને ૨૦૧૪ માં અવસાન પામેલ છે. જે પહેલા સને ૨૦૧૩ માં હુ અવારનવાર તેમને મળવા જતો હતો. મારા પિતાજીના અવસાન સમયે તથા તે પહેલા માનસિક સ્થીતી થોડી નબળી હતી. એ વાત ખરી છે કે સને ૨૦૧૩ મા હુ મળેલ તે સમયે માનસીક સ્થીતી નબળી હતી. તે સમયે મને કોઈ હકીકત જણાવેલ નહીં. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબ વીલ કરતા પહેલા મારી પરવાનગી લેવાની હકીકત જરૂરી હોવાની હકીકત ખોટુ જણાવુ છે. એ વાત ખરી છે કે જે વીલ કરેલ તે મિલકત મારા પિતાજીની પોતાની હતી. મને ખબર છે કે વીલ માટે સ્ટેમ્પ જરૂરી છે. હુ વીલ કરનાર બે સાક્ષીઓને ઓળતો નથી. હુ ડોકટરે જે સર્ટીફીકેટ આપેલ તે ડોકટરને ઓળખુ છુ. વીલની તારીખ મને યાદ નથી. મને ખબર નથી કે મારા પિતાએ જે વીલ કરેલ તેમાં માત્ર તેમની જ મિલકત લખેલ છે કે કેમ. જુદા થયા પછી મારા પિતા મારી સાથે રહેવા આવેલ નથી. એ વાત ખરી છે કે આ વીલ મારા પિતાજીએ તેમની સભાન અવસ્થામાં બનાવેલ છે. સાહેદ જણાવે છે કે અમારી જાણ વિરુધ્ધ બનાવેલ છે. એ વાત ખરી નથી કે મારા ભાઈને આપેલ મિલકત સંબંધે ખોટો વાંધો લેવા આવેલ છુ. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૯) ત્યારબાદ આંક–૩૦ થી પ્રતિવાદી તરફે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે.

(૧૦) વાદી તરફે લેખિત દલીલ રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીએ નિમય મુજબ વીલ પુરવાર કરેલ હોય તેમજ વીલના સાક્ષીના સોગંદનામા તથા અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય

વાદીનો દાવો મંજુર કરવા રજુઆત કરેલ છે. જેની સામે પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે હાલનો દાવો વીલ સંબંધે હોવા છતા વાદીએ પુરાવા અધિનિયમની કલમ–૬૮ તથા ઈન્ડીયન સકસેશન એકટની કલમ–૬૩ મુજબ વીલ પુરવાર કરેલ નથી. વાદી તરફે વીલના સાક્ષીઓને અદાલતમાં સાક્ષી તરીકે હાજર રખાવી વીલ પુરવાર કરેલ ન હોય તેમજ વીલમાં ભાડાની મિલકત સંબંધે પણ ઉલ્લેખ કરેલ હોય વાદીનો દાવો કાયદા મુજબ ઠરાવવાપાત્ર ન હોય દાવો રદ કરવા રજુઆત કરેલ છે.

(૧૧) આ કામે બંને પક્ષોની દલીલ સાંભળી. આ કામે રેકર્ડ વંચાણે લેવામાં આવે તો વાદીનો દાવો અગાઉ તા. ૧૮/૭/૨૦૧૯ ના રોજ વાદી ધ્વારા પુરાવો રજુ કરતા ન હોય ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ. ત્યારબાદ વાદીએ રીસ્ટોરની અરજી કરતા હાલનો દાવો પરત ચલાવવામાં આવેલ છે. વાદીની દાવા અરજી મુજબ વાદીએ તેમના ગુજરનાર પિતાની માલીકીની મિલકત સંબંધે વીલની માંગણી કરેલ છે. જે વીલ વાદીએ આંક–૨૦ ના દસ્તાવેજી પુરાવા સાથે નીશાની ૨૦/૧ થી રજુ કરેલ છે. જે વીલમાં સ્થાવર મિલકતમાં ટ્રસ્ટની માલીકીની મિલકત તરીકે તેમનો જે ભાહુતી હકક દર્શાવેલ છે તે મિલકત સંબંધે પણ વીલથી માલીક થયેલ હોવાની માંગણી કરેલ છે. જેથી ભાડાવાળી મિલકત વાદીની માલીકીની ન હોય તે સંજોગોમાં પણ વાદીનો દાવો મંજુર થવા પાત્ર જણાતો નથી. તેમ છતા વાદીની દાવા અરજીમાં જણાવ્યા મુજબની અન્ય મિલકતો સંબંધે જોવામાં આવે તો વાદીએ આંક–૨૦ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે સાહેદ વિજયભાઈ નારણભાઈ તથા સાહેદ મનોજભાઈ નંદલાલ તથા ડોકટર હરીશકુમાર રતીલાલનુ સોગંદનામુ અનુક્રમે ૨૦/૬, ૨૦/૭ તથા ૨૦/૮ થી રજુ કરેલ છે. પરંતુ આ ઈસમોને સાક્ષી તરીકે અદાલતમાં તપાસેલ નથી. જેથી પુરાવા કાયદાની જોગવાઈ મુજબ વિવાદવાળુ વીલ પુરવાર કરવામાં વાદી સફળ રહેલ નથી. આ દાવાના કામે વાદીની દાવા અરજી વંચાણે લેતા પણ વાદીએ સાહેદ (સાક્ષી) તરીકે કોઈ ઈસમનુ નામ પણ લખેલ નથી. જેથી ઉપર ચર્ચા કર્યા મુજબ કાયદાના આવશ્યક તત્વોમાં જણાવ્યા મુજબ વીલના બે સાક્ષી પૈકી કોઈપણ એક સાક્ષીને તપાસવા ફરજીયાત હોવા છતા તેમજ અદાલતમાં તેવા ઈસમોને સાક્ષી તરીકે હાજર રખાવી પ્રતિવાદીપક્ષને પણ ઉલટતપાસ કરવાની તક મળે તે હેતુથી કાર્યવાહી કરવી આવશ્યક હોવા છતા વાદીએ પોતાના સાક્ષી તરીકે (૧) વિજયભાઈ નારણભાઈ (૨) મનોજ નંદલાલ તથા (૩) ડો. હરીશકુમાર રતીલાલને તપાસેલ નથી. પરંતુ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં નીશાની ૨૦/૬ થી ૨૦/૮ સુધી તેમના સરતપાસના સોગંદનામા રજુ કરેલ છે. જેથી વાદીએ કાયદાની જોગવાઈ મુજબ વીલ પુરવાર કરેલ ન હોય વાદીનો દાવો મંજુર થવા પાત્ર જણાતો નથી.

આ કામે કાયદાની જોગવાઈઓ મુજબ જોવામા આવે તો નામદાર મદ્રાસ હાઈકોર્ટ ધ્વારા **2025:MHC:2950 DIVISION BENCH ( Before : S. M. Subramaniam and C.Kumarappan, JJ. ) S.P.VIJAYKUMAR Vs. SMT. PADMAVATHY AND OTHERS OSA Nos.15 & 16 of 2025 and CMP No. 1083 of 2025 Decided on : 19-12-2025** ના કામે ઠરાવેલ છે કે, **A.**

**Succession Act, 1925 — Section 63 — Evidence Act, 1872 — Section 68, 69, 71 — Proof of Will — Testamentary Succession vs. Intestate Succession — Mandatory requirement under Section 68 (Evidence Act) and Section 63 (Succession Act) for a propounder to examine an attesting witness to prove due execution of an unprivileged Will — Will found invalid due to failure of propounder to prove execution as required by law. (Paras 14, 17, 18, 26)**

**નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ ધ્વારા 2025:PHHC:033130 PUNJAB AND HARYANA HIGH COURT SINGLE BENCH ( Before : Deepak Gupta, J. )PREM SINGH Vs. AMRIK SINGH AND OTHERS RSA-991-1993 (O&M) Decided on : 10-03-2025 ના કામે ઠરાવેલ છે કે, A. Succession Act, 1925 — Section 63 — Evidence Act, 1872 — Section 68 — Proof of Will — Attestation — Examination of Attesting Witnesses — Mandatory Requirement — Suit for declaration of title and possession, contesting the validity of a Will — One of the two attesting witnesses was alive and available, but not examined by the propounder of the Will — Lower courts held the Will proved based on the testimony of the scribe — Held — Section 63 of the Succession Act requires attestation by two or more witnesses, and Section 68 of the Evidence Act mandates that at least one attesting witness must be called to prove due execution of the Will — This requirement is mandatory — Failure to examine an available attesting witness, without any justifiable reason, is a fatal flaw in proving the Will — Will deemed not proved in accordance with law. [Paras 23-25, 31, 39]**

**નામદાર ઓરીસ્સા હાઈકોર્ટ ધ્વારા(1983) AIR(Orissa) 24 SINGLE BENCH ( Before : P.K. Mohanti, J ) HRUBA SAHU (DEAD) AND AFTER HIM NALUMONI SAHU AND ANOTHER — Appellant Vs. PARAMANANDA SAHU — Respondent Second Appeal No. 129 of 1978 Decided on : 04-11-1982 ના કામે ઠરાવેલ છે કે, Section 68 of the Evidence Art provides that if a document is required by law to be attested, it shall not be used as evidence until one attesting witness at least has been called for the purpose of proving its execution if there be an attest-**

**ing witness alive and subject to the process of the Court and capable of giving evidence. This Section contains a proviso that it shall not be necessary to call an attesting witness in proof of the execution of any document, not being a will, which has been registered in accordance with the provisions of the Registration Act, 1908, unless its execution by the person by whom it purports to have been executed is specifically denied. Execution of the deed of gift having been specifically denied, the proviso does not apply to the present case.**

આમ, ઉપકોક્ત હકીકતે કાયદાના આવશ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઈઓ પુરવાર કરવામાં વાદી સફળ રહેલ ન હોય મુદા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ:–

(૧) વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને થયેલ આ દાવાનુ ખર્ચ વાદીએ ભોગવવાનુ રહેશે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા. ૧૦ મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૪/૨૦૨૬
સ્થળ: પોરબંદર

(ભાવેશ જેઠાભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
પોરબંદર
(જજ કોડ: ૦૦૯૭૭)